હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીરચ

સળંગ અંક : ૮૨૮, વર્ષ : ૩૫, અંક : ૦૫
૦૧-માર્ચ, ૨૦૨૪

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN

Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

**જ્ઞાન એ શક્તિ છે, માહિતી મુક્તિ આપે છે.**
**શિક્ષણ એ દરેક સમાજમાં, દરેક કુટુંબમાં પ્રગતિનું આધાર છે.**
**શિક્ષક એવા વ્યક્તિ હોય છે,**
**જે કોઈ વ્યક્તિને અંધારામાંથી પ્રકાશ તરફ લઈ જાય છે.**

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

શિક્ષિત વ્યકિત જ સમાજ અને સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધનનું કાર્ય કરશે અને દેશના સર્વાંગી વિકાસમાં પોતાનું યોગદાન આપશે. આઝાદ ભારતની ભવ્યતાના નિર્માણ માટે શિક્ષણ જ સૌથી મહત્વનું પરિબળ છે. માણસ જાણે અજાણે પણ તેની ફરતે રહેલા સમાજમાંથી સંસ્કાર ગ્રહણ કર્યા કરે છે. ભણાવવું એ શિક્ષણનું સર્વ સામાન્ય સાધન છે.

આજે શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ પદ્ધતિ માળખું વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિગમોમાં ખૂબ જ મોટા પાયા પર પરિવર્તન આવ્યુ છે. આજે શિક્ષણ સામાજિક અને આર્થિક અસમાનતા વધારવા માટેનું એક અગત્યનું પરિબળ બની રહ્યું છે ત્યારે શિક્ષકની જવાબદારી ખૂબ વધી જાય છે. શિક્ષકે અસમાનતા દૂર કરી આદર્શ શિક્ષક, ઉત્તમ વ્યકિત બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. પૂજ્ય મોરારી બાપુ જણાવે છે કે સાચો ઉત્તમ શિક્ષક કોણ કે જે સતત વાંચન, ચિંતન અને મનન કરતો હોય અર્થાત્ જે શિક્ષક વાંચન, લેખન, વાણી, વાતચીત, અભ્યાસ, વિચારસરણી, સમાન દૃષ્ટિ જ્ઞાન અને તેનું આદાન-પ્રદાન વિદ્યાર્થીઓ સાથે કરતો રહે તે સાચો શિક્ષક, જ્ઞાન એ ફકત માહિતીનો ભંડાર ન બને પરંતુ શિક્ષકોએ વિદ્યાર્થીઓમાં નવા-નવા વિચાર ઉદ્‌ભવે, જ્ઞાનનો માહિતીના વૈજ્ઞાનિક યોગ્ય ઉપયોગ અંગે સભાનતા આવે તેવી તાલીમ આપવી જોઈએ. જ્ઞાન સાથે પરંપરા અને સંસ્કૃતિના સંસ્કારનું સિંચન શિક્ષકોએ વિદ્યાર્થીઓમાં કરવું જોઈએ. જ્ઞાનપ્રાપ્તિ સંવેદના દ્વારા અને ચારિત્ર્ય દ્વારા થવી જોઈએ. સારા શિક્ષક બનવા માટે શિક્ષકે શિક્ષણને એક વ્યવસાય તરીકે ન જોવો જોઈએ. શિક્ષકમાં ચોક્કસ સિદ્ધાંતો અને ગુણો હોવા આવશ્યક છે. જેવા કે સારો અભ્યાસુ, સારો શિક્ષક, સક્ષમતા, સ્વાયત્તતા.

સારો અભ્યાસુ (Good Learner) શિક્ષક એ માહિતી આપવા પૂરતો સિમિત ન રહેતા નવા-નવા વિચારોથી સમૃદ્ધ હોય તે જ પોતાના કામમાં નવીનતા લાવી શકે અને તેના માટે તેણે સતત અભ્યાસ કરતા રહેવું પડે. અભ્યાસુ બનવું પડે.

સારો શિક્ષક (Good Teacher) જો શિક્ષકમાં આત્મ સંતોષ કે સફળતાનું તત્વ આવી જાય તો કયારેય તે વિકાસ સાધી શકતો નથી. સફળતા માટે, માન-સન્માન મેળવવા માટે શિક્ષકોએ શિફારીશખાન, ખુશામતખાન અને રૂશ્વતખાનની મદદ લેવી પડે છે. પરંતુ સાચો શિક્ષક કયારેય માન-સન્માન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતો નથી. સન્માન માંગવાથી ન મળે તે વ્યકિતના કાર્યથી, વ્યકિતત્વથી સામે મળીને આવે જે હંમેશા કંઈક નવું-નવું પ્રાપ્ત કરવા સત્યના પ્રયોગો કર્યા કરે છે. શિક્ષણ જે રીતે શીખનારને વિકસાવવાનું છે એનાથી કદાચ જુદી રીતે શિક્ષકને પણ વિકસાવવાનું છે. શિક્ષકના ઓજસને વધારનારું છે.

સક્ષમતા (Competent) જ્ઞાન એ વ્યકિતને જીવન જીવવાની શૈલી દર્શાવે છે. જ્ઞાન એ ઉપયોગિતાવાળું વ્યવહારુ હોવું જોઈએ. વ્યકિત-શિક્ષક જયારે નાનામાં નાનું કૌશલ્ય શીખવતો હોય ત્યારે તે કૌશલ્યની સાથે સંકળાયેલા અનેકવિધ તંતુઓના માનવજાતના વિકાસમાંના પરિણામને જોવા સુધીના પરિપ્રેક્ષ્યની વિશાળતા અનિવાર્ય બને છે અને કોઈ ભૂલ હોય તો તેને સુધારવાની સક્ષમતા પણ પ્રાપ્ત કરે છે. સમાજને ઉપયોગી બનવાનું સક્ષમતા પ્રાપ્ત કરે છે.

સ્વાયત્તતા (Autonomy) શિક્ષક એ વર્ગનો રાજા છે. શિક્ષકને પોતાના વર્ગમાં શું શિખવવું? કેવી રીતે શિખવવું? તેની સ્વાયત્તતા હોવી જોઈએ દરેક શિક્ષકની પોતાના વિષયની સૂઝ-સમજ પ્રમાણે પોતાની વિશિષ્ટતાને આધારે વિદ્યાર્થીઓને જ્ઞાનનું પ્રદાન કરતો હોય છે. શિક્ષકને પોતે જ વિદ્યાર્થીને શીખવ્યું છે તેનું મૂલ્યાંકન પણ પોતાની રીતે કરી શકે તેવી સ્વતંત્રતા આપવી જોઈએ.

શિક્ષકો એ સમાજની રચના બદલવાનું કાર્ય કરવાનું છે. શાંતિમય ક્રાંતિના દૂત બનવાનું છે. આજે તો શિક્ષણ પર સરકારનો અંકુશ તો છે ખરી રીતે ન્યાયતંત્રની જેમ શિક્ષણનું તંત્ર પણ સ્વતંત્ર જોઈએ અને જો તે સ્વતંત્ર હશે તો જ સાચા અર્થમાં શિક્ષણ સંસ્થાઓ વિકાસ પામશે. શિક્ષકો જૂના સમાજ અને નવા સમાજને જોડનાર કડી બનવા જોઈએ. બંને સમાજ સાથેનો સબંધ હોવો જોઈએ. આજે શિક્ષકો યંત્ર વિજ્ઞાનના ગુલામ બનવા લાગ્યા છે. શિક્ષકો એ યંત્રો નથી અત્યાર સુધી શિક્ષકો એ જે કહેતા તે વિદ્યાર્થીઓ માનતા. આજે સમય બદલાયો છે. આજે કોમ્પ્યુટર પાસે માહિતી છે તે દરેક બાબતને યાદ રાખે છે. એટલે વિદ્યાર્થીઓને માહિતીનો ભંડાર ન બનાવતા તેઓ સવાલો પૂછતા થાય તેમનામાં સર્જનાત્મકતા વિકસે, દરેક બાબતને સંશયથી જોઈ તેના પ્રત્યુતરો શોધતા થાય તે કરવાનો છે અર્થાત્ શિક્ષકોની ભૂમિકા બદલાઈ છે.

**તા. ૦૧-૦૩-૨૦૨૪**
**પાટણ.**

**ડૉ. આર. એન. દેસાઈ**
**કા. કુલપતિ**

# યુનિવર્સિટી ન્યુઝ

## વ્યાખ્યાનમાળા
















હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, એસ.યુ.પટેલ ગ્રંથાલય પાટણ દ્વારા તા. ૨૮/૦૨/૨૦૨૪ના રોજ કનવેન્શન હોલમાં શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા અને શ્રી ઉમાશંકર જોષી વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. શીલભદ્ર સારસ્વત અને મૂલ્યનિષ્ઠ શિક્ષક શ્રી મોહનલાલ પટેલ દ્વારા નવલકથા, વાર્તાસંગ્રહ, લઘુકથા, નિબંધ સંગ્રહ, પ્રવાસ વર્ણન, વિવેચન, અનુવાદ, સંપાદન કાર્ય, ટૂંકી વાર્તા જેવા અલગ-અલગ સાહિત્ય ક્ષેત્રે સર્જન કરવામાં આવેલું છે. પાટણના પતનની હૃદય દ્રાવક કથા વર્ણવતી લાંછન નવલકથાને ગુજરાત સાહિત્ય અકાદમી તેમજ ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા શ્રેષ્ઠ પુસ્તકનો એવોર્ડ મળેલ.

ગુજરાતી ભાષા-સાહિત્યના બહુમુખી પ્રતિભા સંપન્ન સર્જક, આજીવન શબ્દબ્રહ્મના ઉપાસક કવિશ્રી ઉમાશંકર જોષી કવિ, નાટ્યકાર, ટૂંકી વાર્તાકાર, નવલકથાકાર, સૌંદર્ય મીમાંશા અને વિવેચક, ગુજરાતી ભાષા સાહિત્યના ગૌરવ શિખર સમા સર્જક તરીકે અને સાહિત્યના વિવિધ વિષયોમાં ખેડાણ કર્યું હોવા છતાંય લોક હૃદયમાં કવિ તરીકેનો અનન્ય શ્રદ્ધાભાવ ધરાવે છે.

આ વ્યાખ્યાનમાળા કુલપતિશ્રી ડૉ. રોહિત એન. દેસાઈની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. જેમાં વકતા તરીકે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના પૂર્વ OSD ડૉ. ગિરીશભાઈ ઠાકરને નિમંત્રિત કરવામાં આવ્યા હતા. વકતાશ્રીએ 'ભારતનું આધ્યાત્મિક ચિંતન' વિષય ઉપર ખૂબ જ સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. ભારતના ધર્મમાં પૂજા પદ્ધતિઓ વિશે ધર્મ, અર્થ, કામ અને મોક્ષના અર્થનું મહત્ત્વ સમજાવ્યું હતું. વૃત્તિઓથી કામના અને તેના આધારિત જીવનમાંથી બહાર નીકળી શ્રેષ્ઠ કર્મ કરવા તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું. જીવનની સમગ્રતાએ સમષ્ટિ સ્વરૂપે જોવું એજ ધર્મ છે. આ વ્યાખ્યાનમાળામાં મુખ્ય મહેમાનશ્રી મનુભાઈ પટેલે વિદ્યાર્થી જીવનમાં શિસ્ત, સંયમ અને વિદ્યા ગ્રહણ કરવા માટે સમગ્ર સમય અભ્યાસ માટે કેન્દ્રિત કરવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલે સાહિત્યકાર મોહનભાઈ પટેલના સાહિત્ય સર્જન તેમના નિખાલસ અને મહેનતું સ્વભાવ ઉપર પ્રકાશ પાડયો હતો.

માનનીય કુલપતિશ્રી ડૉ. રોહિત એન. દેસાઈએ પોતાના અધ્યક્ષિય ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને મોબાઈલ સિવાય પુસ્તકોરૂપ દુનિયામાં પણ ડોકિયુ કરવા જણાવ્યું હતું. અંતે મદદનીશ ગ્રંથપાલ ડૉ. કનકબાળા જાની દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કા. કુલસચિવશ્રી ડૉ. કમલ મોઢ સહિત યુનિવર્સિટીના વિવિધ વિભાગોના અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને આમંત્રિત શ્રોતાગણ ઉપસ્થિત રહ્યા હતા.

## નિમણૂક

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલ સચિવનો ચાર્જ યુનિવર્સિટીના નાયબ કુલ સચિવશ્રી ડૉ. કમલ એમ. મોઢ સાહેબશ્રીને સોંપવામાં આવેલ છે. ડૉ. કમલ મોઢ સાહેબ ફાર્મેકોલોજી વિષયમાં એમ.ફાર્મ અને પીએચ.ડી.ની પદવી ધરાવે છે. તેમજ ભારતીય વિદ્યાભવન મુંબઈથી PGDM & SMનો અભ્યાસ કરેલ છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે પ્લાનિંગ એન્ડ ડેવલોપમેન્ટ ઓફિસર તરીકે ૨૦૧૫ થી ૨૦૨૩ સુધી, આસિ. પ્રોફેસર તરીકે ૨૦૦૭ થી ૨૦૧૫ સુધી કાર્ય કરેલ છે. તેઓશ્રીએ ફાર્મા વિજ્ઞાન-૨૦૧૩, પીએચ.ડી. કોર્ષવર્ક, બ્લડ ડોનેશન કેમ્પ, સ્ટેટ લેવલ સ્પોર્ટસ કોમ્પીટીશન જેવા વિવિધ કાર્યક્રમોમાં કો-ઓર્ડિનેટર તરીકે કામ કરેલ છે. ૧૪ રીસર્ચ પેપર, ૦૧ રીવ્યુ આર્ટીકલ અને ૦૨ પુસ્તકો પ્રકાશિત કરેલા છે. તેઓ ખૂબ જ બહોળો શૈક્ષણિક અને વહીવટીય અનુભવ ધરાવે છે.

# કોલેજ ન્યુઝ

## એન.એસ.એસ.



✻ ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર અને શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણાના એન.એસ.એસ. યુનિટના સંયુક્ત ઉપક્રમે વિકસિત ભારત ૨૦૪૭ અંતર્ગત પરિસંવાદ તા. ૨૧-૧૨-૨૦૨૩ના રોજ યોજાયો. જેમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગરથી તજજ્ઞ તરીકે ડૉ. બી.ડી. ઢીલા સાહેબે ઉપસ્થિત રહીને વિકસિત ભારતમાં યુવાનોની ભૂમિકા અને યોગદાન વિશે સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં કોલેજની ૨૧૦ જેટલી વિદ્યાર્થિનીઓ હાજર રહી હતી. આ કાયૃક્રમનું આયોજન કોલેજના ઈન્ચાર્જ પ્રિ.ડૉ. સુનિતાબેન સુપહિયાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રમણભાઈ સોલંકી અને ડૉ. સવિતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



✻ સાયન્સ અને કોમર્સ કોલેજ સતલાસણા અને રાષ્ટ્રીય સેવા યોજના એનએસએસ યુનિટ તથા ગાંધીનગર વનવિભાગ દ્વારા આયોજિત ૨ દિવસીય પ્રાકૃતિક શિક્ષણ શિબિર વર્ષ ૨૦૨૩-૨૦૨૪ તીર્થંકર વન તારંગા ટીંબા મુકામે આયોજન કરવામાં આવ્યું. જેમાં એન.એસ.એસ.ના ૩૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેમાં પ્રથમ દિવસે તીર્થંકર વન વિશે અને ત્યાં આવેલા વૃક્ષો વિશે સંપૂર્ણ જાણકારી વન વિભાગના અધિકારી શ્રી જયસિંહ રાજપૂત સાહેબ દ્વારા આપવામાં આવી હતી. અને ત્યારબાદ રાત્રે વન ભોજન કરીને કેમ્પ ફાયરની સાથે સાથે ગરબાનું પણ સુંદર આયોજન કરીને વિદ્યાર્થીને આનંદિત કર્યા હતા. વિદ્યાર્થીઓએ રાત્રી રોકાણ તીર્થંકર વનમાં કર્યું હતું અને બીજા દિવસે સવારે ૬ થી ૧૨ વાગ્યા સુધી તારંગાના જંગલોમાં ટ્રેકિંગ કરી તારંગાના જંગલોની સંપૂર્ણ માહિતી

વન વિભાગના અધિકારી શ્રી જયસિંહ રાજપુત દ્વારા આપવામાં આવી હતી. અને ટ્રેકિંગમાં વિદ્યાર્થીઓએ ખુબજ આનંદ કર્યો હતો. ત્યારબાદ બપોરે વન ભોજન કરીને શિબિરને વન વિભાગના આર.એફઓ. દ્વારા પૂર્ણ જાહેર કરવામાં આવી હતી. સમગ્ર શિબિરનું આયોજન કોલેજના કાર્યકારી આચાર્યશ્રીના માર્ગદર્શન નીચે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર તથા અન્ય અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઉજવણી



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઇ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણાના સંસ્કૃત વિભાગ દ્વારા તા. ૨૨–૧૨–૨૩ના રોજ ‘ગીતા જયંતિ’ની ઉજવણી થઇ. કોલેજના ઇન્ચાર્જ પ્રિ. સુનિતાબેન સુપહીયાએ ગીતા પૂજન કરી ગીતાજયંતિની શુભેચ્છાઓ પાઠવી. આ પ્રસંગે ‘માનવ જીવનનો ગ્રંથ ગીતા’ વિષય પર વકૃત્વ સ્પર્ધા યોજાઇ. જેમાં પ્રથમ નંબરે ખુશ્બુ, બીજા નંબરે યશ્રી અને ત્રીજા નંબરે બંસરી વિજેતા થયા. પ્રસંગે ગીતા પર ક્વિઝ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું. જેમાં ત્રણ ટીમ પાડવામાં આવી. જેમાં બી.એ. સેમ–૬ની વિદ્યાર્થિનીઓ પ્રથમ નંબરે રહી. આ દિવસે ગીતાજીના ૧૮ અધ્યાયોના પોસ્ટર દ્વારા પ્રદર્શન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ૧૪૭ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. વિભાગના અધ્યક્ષ ડૉ. નગીનભાઇ પટેલ તથા ડૉ. રમણભાઇ સોલંકી એ વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું. ડૉ. નરેન્દ્ર પટેલે આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન કર્યું. આ કાર્યક્રમમાં કોલેજ પરિવારના ૧૩ અધ્યાપકો પણ હાજર રહ્યા.



❊ મહિલા આર્ટ્સ કોલેજ વિદ્યાનગરી, હિંમતનગરમાં પ્રિ. ડૉ. કનૈયાલાલ એલ. પટેલના માર્ગદર્શન હેઠળ તા. ૦૭–૧૨–૨૦૨૩ના રોજ ‘સશસ્ત્ર સેના ધ્વજ દિન’ નિમિત્તે આપણા રાષ્ટ્રની રક્ષા માટે ખડે પગે સેવા કરતા સૈનિકો અને શહીદોના કલ્યાણ અર્થે વિવિધ યોજનાઓ સુંદર રીતે આકાર પામી શકે એ માટે આ દિવસની ખૂબ ઉત્સાહથી ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત સશસ્ત્ર સેનાના પોસ્ટરો, ફ્લેગ, ચાર્ટ વગેરેનું ભવ્ય પ્રદર્શન વિદ્યાર્થીઓ માટે કોલેજના પ્રિ. ડૉ. કે.એલ. પટેલે ખુલ્લું મૂક્યું હતું અને આ અંગે માર્ગદર્શન આપી સૌને ઉદાર હાથે ફાળો આપવા આહ્વાન કર્યું હતું. આ આહવાનને સુંદર પ્રતિસાદ આપતાં સૌ સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થિનીઓએ ઉદાર હાથે ફાળો આપ્યો હતો. આ વર્ષે વિદ્યાનગરી કેમ્પસ દ્વારા માતબર રકમનું દાન એકત્રિત કરવામાં આવ્યું હતું. વધુમાં કોલેજના પ્રિન્સિપાલશ્રીએ જણાવ્યું કે, આપણે સૌ આજે સુરક્ષિત છીએ કારણ કે જાંબાઝ સૈનિકો જાનના જોખમે સરહદ અને રાષ્ટ્રને નુકશાન પહોંચાડે છે એમની સામે દેશને સુરક્ષાનું કરોડરજ્જુ સમાજ કવચ પૂરું પાડે છે. એમના માનમાં યોજાતો આ દિવસ સૌએ માનભેર ઉજવ્યો હતો. આવા સહઅભ્યાસિક રાષ્ટ્ર નિર્માણના કાર્યક્રમોના આયોજન બદલ કેળવણી મંડળના પ્રમુખ અને ટ્રસ્ટીશ્રીએ સૌને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતાં.

❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઇ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ મહેસાણામાં ગુજરાતના ગૌરવ સમાન ‘ગરબા’ મારો સોનાનો ઘડુલો રે...ને વૈશ્વિક ઓળખ મળતા ઊજવણી કરાઇ. યુનેસ્કોએ ગુજરાતના આ ગરબાને ઈન્ટેલિજન્સ કલ્ચર હેરિટેજ જાહેર કરતા તેની ખુશીમાં કોલેજમાં ટ્રેડિશનલ લુકમાં કોલેજની વિદ્યાર્થીઓએ ગરબા રમી આ દિવસની ઉજવણી કરી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજની સાંસ્કૃતિક કમિટી ‘ઉડાન’ દ્વારા કરવામાં આવ્યું. જેમાં કમિટી ઇન્ચાર્જ ડૉ. અંજુ સુરાણાના માર્ગદર્શન નીચે આ કાર્યક્રમ થયો. કોલેજના પ્રિ. ડૉ. સુનિતાબેન સુપહીયાએ અભિનંદન પાઠવ્યા હતાં.

## કાર્યક્રમ



❊ સ્વ. એસ.એચ. જોષી અને બી.કે. જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બામણામાં તા. ૧૬–૧૨–૨૦૨૩ના રોજ કૉલેજના પ્રિ. ડૉ. એન.આર. જોષીના માર્ગશર્દન હેઠળ મીની મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મંડળના મંત્રી મનોજભાઇ ઉપાધ્યાય, કારોબારી સભ્ય દિનેશભાઇ ભટ્ટ, ચીમનભાઇ પંડ્યા, અશોકભાઇ, સુરેશભાઇ જોષી તેમજ કોલેજ સ્ટાફ પરિવાર અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને ચા–નાસ્તો અને ચોકલેટ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ કોલેજ સ્ટાફ પરિવારના સહયોગથી સફળ બન્યો હતો.



※ શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં સૂર્ય નમસ્કાર કાર્યક્રમ પ્રિ. ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ યોજાયો. પ્રારંભમાં પ્રિ. ડૉ. સી.એમ. ઠક્કરે સૂર્ય નમસ્કાર એક આરોગ્યપ્રદ અને શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે એવું વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. ભાગ લેનાર વિદ્યાર્થીઓએ સૂર્ય નમસ્કારના ૧૨ આસનોને યોગ્ય રીતે કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આયોજનને સફળ બનાવવા ડૉ. ચિરાગ વી. રાવલ અને જશવંતભાઇ માજીરાણા સહભાગી થયા હતા. સૂર્ય નમસ્કારના વિવિધ આસનો વિશે એન.સી.સી.ના કેડેટ નારાયણ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. કિશોરભાઇ ઠક્કર, આનંદ ભટ્ટ, અકબર અલી, મયુરીબેન, કાજલબેન તેમજ એનસીસીના કેડેટ્સ, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતાં.



※ આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખેરાલુના બધા જ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા સામૂહિક સૂર્ય નમસ્કારનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના મેદાનમાં યોજાયેલ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના ત્રણ વિદ્યાર્થિ ટ્રેનર્સ અને ડૉ. મેહુલભાઇ જયસ્વાલની દેખરેખ હેઠળ આ પ્રોગ્રામ ખૂબ સુંદર રીતે યોજાયો હતો. કોલેજના પ્રિ.ડૉ. બાબુભાઇ ચૌધરીએ આ દરમ્યાન જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં ફાસ્ટ ફૂડ અને બેઠાડું જીવન શેલીને કારણે યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધી ગયું છે ત્યારે સૂર્ય નમસ્કાર જેવી હળવી કસરત કરવાથી શરીર તંદુરસ્ત રહે છે.

## કારકિર્દી માર્ગદર્શન



શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં કોલેજના પ્રિ. ડૉ. સી.એમ. ઠક્કર સાહેબના માગૃશર્દન હેઠળ તા. ૧૩-૧૨-૨૦૨૩ના રોજ કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ 'ક્ષિતિજ' વિવાન ઇન્સ્ટીટ્યુટ, અમદાવાદના સહયોગથી યોજાયો. જેમાં આઇટી, મીડિયા અને મનોરંજન ક્ષેત્રે રહેલ ઉજ્જવળ કારકિર્દી બનાવવા શ્રી શોભિતભાઇ તેમજ નીતિનભાઇ ઉપસ્થિત રહી વિવિધ માહિતી જેવી કે પ્રોડક્ટ બ્રાન્ડ ડીઝાઇન, આકર્ષક 3D વિડીઓ, એપ્લીકેશન ડિઝાઇન, લોગો, એનીમેશનનો વગેરેના ઉપયોગ વિશે ઉદાહરણ, પ્રેઝન્ટેશન સાથે વિદ્યાર્થીઓને રસપ્રદા માહિતી આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન કોમર્સ વિભાગના અધ્યાપક ડૉ. ચિરાગ વી. રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોમર્સ વિભાગના અધ્યાપક ડૉ. કિશોરભાઇ ઠક્કર, ડૉ. વિમલેશ ખમાર તેમજ કોમર્સ વિભાગના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહી માહિતી પ્રાપ્ત કરી હતી.

## ગીતાજયંતિ



આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખેરાલુના સંસ્કૃત વિભાગ દ્વારા વિશ્વના મહાનધર્મ શાસ્ત્ર ભગવદ્ગીતાની જન્મજયંતિ શાનદાર રીતે ઉજવવામાં આવી હતી. કોલેજના બાર વિદ્યાર્થીઓએ ગીતાના શ્લોકનું ગાન કર્યું હતું. સંસ્કૃત વિભાગના ડૉ. રઘુભાઇ પટેલે ગીતાના મહત્ત્વને રજૂ કર્યું હતું. કોલેજના હિન્દીના ડૉ. મુકેશભાઇ વ્યાસે ગીતાના પ્રથમ અધ્યાયનો પાઠ કર્યો હતો. કોલેજના પ્રિ. ડૉ. બાબુભાઇ ચૌધરીએ ગીતાના કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગને વિદ્યાર્થી જીવન સાથે સાંકળીને રસપ્રદ વક્તવ્ય રજૂ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રો. શીતલબેન મિસ્ત્રીએ કર્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કોલેજના તમામ અધ્યાપકો ઉપસ્થિત રહીને કાર્યક્રમને માણ્યો હતો.

## ગુરૂનાનક જયંતિ



શ્રીમતી આનંદીબેન શંકરભાઇ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ મહેસાણામાં તા. ૨-૧૨-૨૦૨૩ના રોજ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત ગુરૂનાનક જયંતિની ઉજવણી કરવામાં આવી. કોલેજ કો-ઓર્ડીનેટર ડૉ. નરેન્દ્રભાઇ પટેલે તથા ડૉ.

નંદાબેન જાડેજાએ ગુરૂનાનક વિશે જ્ઞાન સભર માહિતી વિદ્યાર્થિનીઓને આપી. આ કાર્યક્રમમાં કોલેજની વિદ્યાર્થિનીઓ જયસ્વાલ બંસરી, રોજમેન મલેક, પઠાણ મીનાજે પણ ગુરૂનાનક વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા. આ કાર્યક્રમમાં કોલેજના પાંચ અધ્યાયપકો સહિત ૨૮ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

## ગૌરવ



હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી પાટણની આંતર કોલેજ 'બોક્સિંગ સ્પર્ધા'માં શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણાની સાત વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. જેમાં ત્રણ વિદ્યાર્થિનીઓ સંજના ચૌહાણ, મનીષા પરમાર અને અલફીનાએ ગોલ્ડ મેડલ તથા ચૌધરી આકાંક્ષા, પ્રજાપતિ દિવ્યાએ બ્રોન્ઝ મેડલ મેળવી કોલેજનું ગૌરવ વધારેલ છે. શ્રી સાર્વજનિક કેળવણી મંડળ મહેસાણાના માનદ્‌મંત્રીશ્રી દિલીપભાઇ ચૌધરી, સહમંત્રી મિલનભાઇ ચૌધરી સાહેબ તથા કોલેજના કાર્યકારી પ્રિ. ડૉ. સુનીતા સુપહિયા, ડૉ. અશોક તડવી ડૉ. ચેતના દેસાઇ, ડૉ. હરેશકુમાર એમ. ગોળ, પ્રા. જ્યોતિ ચૌધરીએ વિદ્યાર્થિની બહેનોને અભિનંદન આપી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

## જાગૃતિ



❊ શ્રીમતી સી.સી. મહિલા આર્ટ્સ એન્ડ શેઠ સી.એન. કોમર્સ કોલેજ, વિસનગરમાં તા. ૧૯-૧૨-૨૦૨૩ના રોજ મહેસાણા જિલ્લા ફૂડ સેફ્ટી ઓથોરીટી ફૂડ સેફ્ટી અવેરનેસ કાર્યક્રમનું આયોજન કોલેજના કનજ્યુમર કલબ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શ્રી મહર્ષિ દયાનંદ કેળવણી મંડળ વિસનગરના મંત્રીશ્રી નિકેતુભાઇ મણિઆર સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. એમ.એફ. પટેલ સાહેબના માર્ગદર્શન તળે સમગ્ર શિબિરનું આયોજન થયું. જેમાં જિલ્લા ફૂડ અધિકારી શ્રી વિપુલભાઇ ચૌધરી સાહેબે ફૂડ પેટર્ન, ફૂડ સેફ્ટિ, ફૂડ એક્ટ, જાહેરાતો, ફૂડ હેબીટ, અન હેલ્ધી ફૂડ, વિશે વિસ્તૃત અને ઊંડાણપૂર્વકનું જ્ઞાન અને માહિતી આપી શિબિરને અનુસાંગિક તમામ બાબતોને આવરી કુશળ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કચેરી દ્વારા ફૂડ સેફ્ટિ વાનનું ડેમોનું પ્રદર્શનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. વિશેષમાં વિસનગર ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખશ્રી ભરતભાઇ બી. પટેલ વિષયને અનુરૂપ ઉદ્‌બોધન અને મંડળના હેતુઓ સમજાવ્યા હતા. વિગત કાર્યક્રમમાં પ્રચાર સાપ્તાહિકના તંત્રીશ્રી શ્યામભાઇ બ્રહ્મભટ્ટ ટ્રસ્ટીશ્રી ગ્રા.સુ. મંડળ, તથા આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વડનગરના આચાયૃશ્રી ડૉ. દિલખુશભાઇ પટેલ આ શિબિરમાં ઉપસ્થિત રહી આશીવર્ચન પાઠવ્યા હતા.



❊ શ્રીમતી સી.સી. મહિલા આર્ટ્સ એન્ડ શેઠ સી.એન. કોમર્સ કૉલેજ, ખેરાલુમાં તા. ૧૮-૧૨-૨૦૨૩ના રોજ કૉલેજની લેક્ટ્રોલ લિટરેસી કલબ દ્વારા વિદ્યાર્થી ભાઇ-બહેનો માટે મતદારો જાગૃતિ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થી ભાઇ-બહેનોને મતદાનનું મહત્ત્વ અને મતદાન અવશ્ય કરવા અને કરાવવા શપથ લેવડાવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ પ્રિ. ડૉ. એમ.એફ. પટેલ, વાઇસ પ્રિ. પ્રો. જે.જી. મેતીયા સાહેબનાં માર્ગદર્શન તળે અને ઇએલસી કલબના આયોજન અને સ્ટાફની જહેમતથી સફળ રીતે યોજાયો હતો.



❊ રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કોલેજ બી.એડ્./એમ.એડ્. મહેસાણામાં ઓ.એન.જી.સી. તેમજ મહેસાણા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ઇવેસ્ટ કલેકશન અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઓ.એન.જી.સી.ના કાર્યકર વિકાસભાઇ તિવારી ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ઇ-વેસ્ટ અંગે ખૂબ જ મહત્ત્વની ચર્ચા કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આપણે જ્યાં ત્યાં કચરો ન નાખવો જોઇએ. આ કચરાનો યોગ્ય નિકાલ કરી રાસાયણિક ખાતર બનાવવું જોઇએ. આ ઉપરાંત તેમણે ગુજરાત સરકાર તેમજ ભારત સરકાર દ્વારા સ્ટાર્ટઅપ ઇન્ડિયા અંતર્ગત વિદ્યાર્થીઓ પોતે કેવી રીતે પગભર બની શકે અને આવા અન્ય પ્રોજેક્ટ લઇ સ્વભંડોળ મેળવી શકે તેની પણ સમજ આપવામાં આવી હતી. કોલેજના પ્રિ.ડૉ. શાંતાબેને વિદ્યાર્થીઓને પોતાનો તેમજ અન્ય લોકો દ્વારા ફેકેલો કચરો પોતે ઉપાડી યોગ્ય જગ્યાએ

ડસ્ટબિનમાં નાખી પોતે સ્વચ્છતા માટે આગળ આવવું જોઈએ. ઓ.એન.જી.સી.ના કાર્યકર વિકાસભાઈ તિવારીએ આ માહિતી તેમણે વિડીઓ કલીપ દ્વારા તાલીમાર્થીઓને સમજાવી હતી. કોલેજના પ્રિ. ડૉ. શાન્તાબેન પટેલે તેમને આવકારી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પ્રોજેક્ટ



શ્રી કલજીભાઈ આર. કટારા આર્ટ્સ કોલેજ, શામળાજીમાં વિદ્યાર્થીલક્ષી અનેકવિધ પ્રવૃત્તિઓ થઇ રહી છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા ઇનોવેશન કલબ અંતર્ગત ચાલી રહેલી વિવિધ પ્રવીત્તઓ પૈકી તા. ૧૫-૧૨-૨૦૨૩નાં રોજ ઇલેક્ટ્રિક કીટ જેમાં વિદ્યાર્થીઓએ એડેપ્ટર, રેસિસ્ટર બોક્સ, બ્રેડબ્રોડ, બિગ બઝર, ફ્લેમ સેન્સર જેવાં સાધનોનો ઉપયોગ કરીને વિવિધ પ્રોજેક્ટ બનાવ્યા. જેમાં ખાસ કરીને ફ્લેમ સેન્સર દ્વારા ઓટોમેટિક લાઇટ ચાલુ-બંધ કે ઓછી-વધારે કેવી રીતે થઇ શકે તે પ્રોજેક્ટ તૈયાર કર્યો. તેમજ ઓટોમેટિક સાઉન્ડ ઉત્પન્ન થાય તેવો પ્રોજેક્ટ બનાવ્યો. અભ્યાસની સાથે સાથે ઇનોવેટિવ પ્રવૃત્તિની તાલીમ લઇ પોતાની રોજગારલક્ષી કુશળતા પ્રાપ્ત કરી શકે તે માટે પ્રવૃત્તિ કરવામાં આવી. સમગ્ર પ્રોગ્રામ ઇનોવેશન કલબનાં કૉ-ઓર્ડીનેટર ડૉ. માલતી પટેલ અને રૂકસાના નાગોરીનાં માર્ગદર્શન હેઠળ કરેલ. આ પ્રોજેક્ટ બનાવવા માટે કોલેજના આચાર્યશ્રી ડૉ. એ.કે. પટેલ અને મંડળના મંત્રી શ્રી દિલીપભાઈ કટારાએ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યાં હતાં.

## મતદાન જાગૃતિ



❊ શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં વિદ્યાર્થિનીઓ માટે મતદાન જાગૃતિ અંગેનો કાર્યક્રમ તા. ૭-૧૨-૨૦૨૩ના રોજ સંપન્ન થયો. જેમાં મહેસાણાના મામલતદાર ઉર્વીશભાઈ વાળંદ તથા નાયબ મામલતદાર મનીષભાઈ પારેખ આ અંગે સંપૂર્ણ માહિતી આપી. પ્રિ. ડૉ. સુનિતાબેન સુપહિયા એ સ્વાગત કરી કાર્યક્રમની શુભેચ્છા પાઠવી. આ કાર્યક્રમમાં કોલેજની ૧૨૦ વિદ્યાર્થિનીઓ અને આઠ અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. નરેન્દ્ર પટેલે કર્યું હતું.

❊ શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કૉલેજ, પાટણમાં તા.૮/૧૨/૨૦૨૩ ના રોજ મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી મિતુલભાઈ પટેલે આપણો મત આપવાનો પવિત્ર અધિકાર અને મતદાતા ઓળખપત્રનું મહત્ત્વ સમજાવેલ. નાયબ મામલતદાર અર્જુનસિંહ રાજપુત અને સેક્ટર સુપરવાઈઝર જીગ્નેશભાઈ રામી એ મતદાતા ઓળખપત્ર ઓનલાઇન ભરવાની પ્રક્રિયા વિદ્યાર્થીઓને સમજાવેલ. વિદ્યાર્થીઓએ મોબાઈલ એપ્લિકેશન દ્વારા મતદાતા માટેનું ઓનલાઇન ફોર્મ ભરેલ. આ કાર્યક્રમમાં એન.જી.ઈ.એસ.ના કેમ્પસ ડેવલોપમેન્ટ જયભાઈ ધ્રુવે સંયોજક તરીકેની જવાબદારી સંભાળેલ. આ કાર્યક્રમનું સંચાલન પ્રિ. ડૉ. એચ.એસ. વિરમગામી તથા પ્રો. ભૌતિક પ્રજાપતિએ કરેલ.

## મહિલા સશક્તિકરણ



શ્રીમતી આનંદબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણામાં હાલ હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણની પરીક્ષાઓ ચાલુ થઇ ગઇ છે. જેમાં એમ.એસ.સી.હોમ સાયન્સ સેમ-૧માં અભ્યાસ કરતી રાવલ મનીષાબેન વિદ્યાર્થિનીને સાત દિવસ પૂર્વે સિઝેરિયન પ્રસુતિ થઇ હતી. તેમ છતાં પરીક્ષાને મહત્ત્વ આપી સાત દિવસના પુત્રને લઇ સાસુમા સાથે કોલેજમાં આવી પરીક્ષા આપી રહી છે. સાર્વજનિક મંડળના માનદ્‌મંત્રી શ્રી દિલીપભાઈ ચૌધરી, સહમંત્રી શ્રી મિલનભાઈ ચૌધરી, પ્રિ.ડૉ. સુનીતાબેન સુપહિયા, કોલેજ પરિવાર તથા ઓબ્ઝર્વેરશ્રીઓએ ખૂબ ખૂબ વહાલ આપી અભિનંદન પાઠવ્યા હતાં.

## મુલાકાત



વી.એન.એસ. બેંક લી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગર અને ગુજરાત વિદ્યાપીઠ, ઇતિહાસ વિભાગ દ્વારા વડનગરમાં તા. ૧૬-૧૨-૨૦૨૩ શનિવાર રોજ ઐતિહાસિક સ્થળોની મુલાકાત માટેનું આયોજન કરવામાં આવ્યું. આ સ્થળોની મુલાકાતમાં વી.એન.એસ. બેંક લી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનાં ઇતિહાસ

વિભાગના પ્રો. હાર્દિકભાઈ પટેલ અને પ્રો. પાયલબેન રબારી તથા ગુજરાત વિદ્યાપીઠના ઈતિહાસ વિભાગના ડૉ. વિક્રમસિંહ અમરાવત તથા ડૉ. મોતીભાઈ દેવુ અને 'અતુલ્ય વારસા'ના ટુરીજમ વિભાગના સભ્ય રોનકભાઈ તથા ટુરીજમ વિભાગના અન્ય સભ્યો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં વડનગરના તમામ પુરાતત્વિય સ્થળોની મુલાકાત લીધી અને ટુરિઝ્મ વિભાગના સભ્યો દ્વારા વડનગરના તમામ ઐતિહાસિક સ્થળોનું મૂળ શું ઈતિહાસ હતો? તેની જાણ વિદ્યાર્થીઓને કરવામાં આવી જેથી ઈતિહાસ વિષયના વિદ્યાર્થીઓ તેનાથી પરિચિત થયા.

## યુવક મહોત્સવ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં તા. ૧૧ થી ૧૩ ડિસેમ્બર દરમિયાન ૩૪માં યુવક મહોત્સવ 'કલ્પવૃક્ષ' યોજાઈ ગયો. જેમાં બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરુ કોમર્સ કોલેજના ૧૫ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રાકેશ રાવની અધ્યક્ષતા હેઠળ સાંસ્કૃતિક કમિટીના કન્વીનર ડૉ. દિવ્યા પટેલ તેમજ કમિટીના સભ્યોની રાહબરીમાં વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં સુંદર દેખાવ કર્યો હતો. જેમાં એકાંકીમાં કોલેજે સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ, સ્પોર્ટ ફોટોગ્રાફીમાં પ્રથમ, માઈમમાં અને સ્કીટમાં તૃતીય સ્થાન મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને કોલેજ પરિવાર તથા ઊંઝા કેળવણી મંડળે બિરદાવ્યા હતાં.

## વ્યાખ્યાન

※ સરકારી વિજ્ઞાન કોલેજ, થરાદમાં ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (ગેડા) અને ગુજરાત નોલેજ સોસાયટી (જીકેએસ)ની પ્રેરણા થકી મિશન લાઈફ બાબતે વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. જગદીશ એચ. પ્રજાપતિએ પ્રાસંગિક પ્રવચનમાં ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના ભયસ્થાનો બતાવી પર્યાવરણનું જતન કરવા, ઉર્જા અને પાણીનો બચાવ કરવા તેમજ સિંગલ યુજ પ્લાસ્ટિકથી બચવા કૃતનિશ્ચયી થવા આહ્વાન કર્યું હતું. મુખ્ય વક્તા ડૉ. નિહાર નિમ્બાર્કે મિશન લાઈફ પર પ્રેઝન્ટેશન ગ્રીન હાઉસ અસર અને વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડની વિઘાતક અસરો બાબતે પ્રકાશ પાડ્યો હતો. તેઓએ વ્યાખ્યાનમાં પાણીનો બચાવ, ઉર્જા બચત, ઈ–વેસ્ટનો યોગ્ય નિકાલ, એલઈડી બલ્બનો ઉપયોગ, પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ, તંદુરસ્ત જીવનશૈલીના ઉપાયો. સી.એન.જી. વાહનોનો ઉપયોગ, પ્રદુષણ નિયંત્રણ, જરૂર ન હોય ત્યારે વિદ્યુત ઉપકરણો બંધ રાખવા, વરસાદી પાણીનો સંગ્રહ, ખેતીમાં ફુવારા પદ્ધતિ અને ટપક પદ્ધતિનો ઉપયોગ, ઘરમાં ટપકતા નળ સરખા કરવા, કચરાનો યોગ્ય નિકાલ કરવો. લીથીયમ બેટરીનો ઉપયોગ વગેરે બાબતે ખુબ જ ઉપયોગી સમજણ આપી હતી. અંતે સૌએ પર્યાવરણ જતન માટે શપથ લીધા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પર્યાવરણની જાળવણી માટે પોસ્ટર પ્રદર્શન કર્યું હતું. ડૉ. રાજેશ મારુએ આભારવિધિ કરી હતી. સેમ–૧ની વિદ્યાર્થિની કુ. ચેતના માળીએ ફરજ બજાવી હતી.



※ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણાના સંસ્કૃત વિભાગ દ્વારા વિકસિત ભારત@2047 અંતર્ગત માગશર સુદ એકાદશી એટલે કે ગીતાજયંતી નિમિત્તે સંસ્કૃતના સારસ્વત વિદ્વાન ડૉ. હર્ષદેવ માધવ સાહેબનું 'શ્રીમદ્ ભગવદ્ગીતાના અરીસામાં શ્રીકૃષ્ણનું પ્રતિબિંબ' વિષય પર સારસ્વત વ્યાખ્યાન સંપન્ન થયું. શ્રી સાર્વજનિક કેળવણી મંડળના સહમંત્રી શ્રી મિલનભાઈ ચૌધરીએ દીપ પ્રગટાવી ગીતા પૂજન કર્યું. ડૉ. પ્રજેશ મિસ્ત્રીએ મંચસ્થ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી પરિચય કરાવ્યો. કોલેજના પ્રિ. ડૉ. સુનીતાબેન સુપહીયાએ હાજર રહી શુભેચ્છાઓ પાઠવી. વિભાગના અધ્યક્ષ ડૉ. નગીનભાઈ પટેલે સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કર્યું. કાર્યક્રમમાં કોલેજની વિદ્યાર્થિની રોજમીન મલેક અને ખુશ્બુએ ગીતા પર પોતાના વિચારો રજૂ કર્યા. આભાર દર્શન ડૉ. રમણભાઈ કે. સોલંકીએ કર્યું. આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. નરેન્દ્ર પટેલે કર્યું. આ કાર્યક્રમમાં સંસ્કૃત વિષયની ૧૫૩ વિદ્યાર્થિનીઓ અને ૧૪ અધ્યાપકો હાજર રહ્યા હતાં.

## સબરસ

બનેવી સાળીને : એવી ચા બનાવ કે આખું શરીર મસ્તીમાં નાચવા લાગે.
સાળી : જીજાજી અમારા ઘરે ભેંસનું દૂધ આવે છે નાગણનું નહીં!

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**Hemchandracharya North Gujarat University, Patan**

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor : Dr. Rajanikant Patel** (University Librarian), **Dr. Chanduji Thakor**

Published by : **Dr. K. K. Patel** I/c. Registrar

Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/–   કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–